રજુ તારીખઃ ૦૭/૦૫/૨૦૨૫
નોંધ્યા તારીખઃ ૦૭/૦૫/૨૦૨૫
ફેંસલ તારીખઃ ૨૪/૦૩/૨૦૨૬
અવધિઃ વર્ષ માસ દિવસ

==================================================================

**સુરતના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) સાહેબની કોર્ટમાં,**
**મુકામ-સુરત**

==================================================================

**ફોજદારી કેસ નંબર ૩૩૩/૨૦૨૫**
આંક-.......

ફરીયાદી - શ્રી સરકાર.

વિરૂધ્ધ

આરોપીઓ (૧) નરેશકુમાર નારાયણદાસ ભાર્દ્વાજ
રહે.૩૧ અમનકોઇ સ્ટ્રીટ પાર્ક ટાઉન ચેન્નઇ
ગુન્હોઃ- ઇ.પી.કો.કલમ-૪૫૪, ૩૮૦, ૫૧૧, ૧૧૪મુજબનો.

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી કે.સી.રાવલ
આરોપી તરફે વિ.વકીલશ્રી એમ.ડી.સોલંકી

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

-// ચુ કા દો //-

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૯/૧૧/૨૦૦૩ ના ક.૧૪/૩૦ થી ૧૫/૩૦ વાગ્યા દરમ્યાન ફરીયાદીના ઘોડદોડ રોડ ખાતે આવેલ મજદા ઍપાર્ટમેન્ટ ખાતેના ફ્લેટના દરવાજાનુ તાળુ તોડી ગેરકાયદેસર ઘરમા પ્રવેશ કરી ફરીયાદીના ઘરમાથી રુ.૧૩,૦૦૦/-ની ચોરી

કરી નાસી જઈ ગુનો કરવામાં એક બીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૫૪, ૩૮૦, ૫૧૧, ૧૧૪ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૨) પ્રસ્તુત કામે ફરિયાદીએ ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા એફ.આઈ.આર નં.૪૯૯/૨૦૦૩ થી ગુના રજીસ્ટર થતા, તપાસ અધિકારીશ્રીએ તપાસ પૂર્ણ થતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપીઓ સામે આંક-૦૩ નું તહોમતનામું વાંચી સભળાવવામાં આવેલ અને આંક-૦૪ થી લેવામાં આવેલ જેમાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ. આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ હોઈ કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર થયેલ.

(૩) ફરિયાદ પક્ષે કેસના સમર્થનમાં સાહેદ જેનીશ જયપ્રકાશભાઈ આચાર્યની આંક-૧૦ થી, તપાસ કરનાર અમલદારને અજય બાપુજી કાળેની આંક-૧૪ થી સોગંદ ઉપરની જુબાનીઓ રજૂ થયેલ છે. તેમજ આ કામે આંક-૧૧ થી ફરિયાદ રજૂ થયેલ છે. આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ થયેલ નથી. ઉપરોકત પુરાવો રજૂ થયા બાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની વિનંતી ફરિયાદ પક્ષ નો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવા સબબ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાયેલ નહીં હોવાથી કોઈ પુરાવો નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફ વિ.વ.શ્રી.ની દલીલો સાંભળેલી ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ દલીલોનો અલાયદો ઉલ્લેખ નહીં કરતા આપવામાં આવેલ કારણોમાં આવરી લેવામાં આવેલ છે.

(૪) ન્યાય નિર્ણય થવા સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, તા.૨૯/૧૧/૨૦૦૩ ના ૬.૧૪/૩૦ થી ૧૫/૩૦ વાગ્યા દરમ્યાન ફરીયાદીના ઘોડદોડ રોડ ખાતે આવેલ મજદા એપાર્ટમેન્ટ ખાતેના ફલેટના દરવાજાનુ તાળુ તોડી ગેરકાયદેસર ઘરમા પ્રવેશ કરી ફરીયાદીના ઘરમાથી રુ. ૧૩,૦૦૦/-ની ચોરી કરી નાસી જઈ ગુનો કરવામા એક બીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૫૪, ૩૮૦, ૫૧૧, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

-// કા ર ણો //-

(૬) જો ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી આરોપીઓ સામેનો આક્ષેપ નિ:શંકપણે એવી રીતે પુરવાર કરે કે જેનાથી ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉદ્ભવતી ન હોય અને એક અતૂટ સાંકળની જેમ દરેક કડીઓ એકબીજાને સાંકળે તેવો સળંગ અને મજબૂત પુરાવો રજુ થાય તો જ આરોપીઓ સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય. પરંતુ, જો ફરિયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ જણાય તો તેનો સીધો લાભ આરોપીને મળવો જોઈએ. તેથી ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું ઊંડાણ પૂર્વક ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવું જરૂરી થઈ પડે છે.

**મુદ્દા નં.૧ અન્વયે**

(૭) પ્રસ્તુત કામે ફરિયાદ પક્ષે રજુ જુબાનીઓ પૈકી સૌપ્રથમ ફરિયાદી સાહેદ જેનીશ જયપ્રકાશભાઈ આચાર્યના આંક-૧૦ થી રજૂ જુબાનીનું મૂલ્યાંકન કરવું ઉચિત જણાય છે. સાહેદે તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ સને ૨૦૦૩ માં બનેલો. બનાવ વખતે તેઓ તેમના કાકા કાકી સાથે મઝદા એપાર્ટમેન્ટ ઘોડદોડ રોડ ખાતે રહેતા હતા. બનાવ વખતે તેઓ તેમની મોટરસાયકલ લઈને ઘરે આવેલા ત્યારે ઘરના રુમના તાળા તુટેલા જણાય આવેલ અને તે વખતે આ ફલેટના ઉપરના માળેથી બે અજાણ્યા ઈસમો પણ નીચે ઉતરતા જણાય આવતા તેમને તેના પર ચોરીની શંકા ગયેલી અને તેમના ઘરમાં તપાસ કરતા રોકડા પૈસાની ચોરી થયેલ હોવાનુ જણાય આવેલ જેથી તેમણે અજાણ્યા ઈસમ વિરુધ ઉમરા પો.સ્ટે.માં ફરીયાદ આપેલ, જે ફરીયાદ તેઓ ઓળખી બતાવે છે. જે તેઓએ આપેલી ફરીયાદ છે. સાહેદના પુરાવા દરમ્યાન ફરિયાદ આંક-૧૧ થી રજૂ થયેલ છે. આરોપીઓને તેઓ જોયેથી ઓળખી શકે નહીં. કેટલા રુપીયાની ચોરી થયેલી અને પોલીસે આરોપીને પકડીને તેમની રુબરુ મુદ્દામાલની ઓળખ કરાવેલ કે પંચનામું કરાવેલ કે આરોપીની ઓળખ કરાવેલ હોય તે તેમને યાદ નથી. સાહેદની આરોપીના વિ.વ.શ્રી.એ વિગતવાર ઉલટતપાસ કરી હતી, જેમાં સાહેદે સ્વીકાર્યું હતુ કે, અજાણ્યા માણસ વિરુધ્ધ ફરીયાદ કરેલી અને કોણે ચોરી કરેલી તે તેઓ ચોક્કસ કહી શકે નહીં.

(૮) પ્રસ્તુત કામે ફરિયાદ પક્ષે રજુ જુબાનીઓ પૈકી તપાસ કરનાર અમલદાર સાહેદ અજય બાપુજી કાળેની આંક-૧૪ થી રજૂ જુબનીનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેમણે સરતપાસમાં સ્પષ્ટ જણાવ્યું હતુ કે, ૨૦૨૪ માં તેઓ ઉમરા પો.સ્ટેમાં પી.એસ.આઈ તરીકે તેઓની ફરજ નીભાવતા હતા ત્યારે આ કામના ફરીયાદી જેનીશ જયપ્રકાશ આચાર્યનાઓએ ૨૦૦૩ મા ચોરી થયા બાબતની જે ફરીયાદ આપેલી જે મુજબ ફરીયાદીના ઘરેથી રોકડા રુ.૧૩૦૦૦/- ની ચોરી થયેલી જે ફરીયાદ તેઓ ઓળખી બતાવે છે. તેમા તેમને તપાસ મળતા તપાસની સાથે એ.એસ.આઈ હસમુખભાઈ મોહનભાઈનાઓએ આરોપી ગણપતનાથ દર્ગનાથજીને અટક કરી શરીર સ્થિતીનુ

પંચનામું કરેલ જે તેમને તપાસમા સાથે મળેલ અને તેમણે તપાસને અનુરુપ લીધેલા નિવેદનો પણ તેમને તપાસમા સાથે મળેલ. ત્યારબાદ ઘણાવર્ષો પછી આરોપી મળી આવતા તપાસને અનુરુપ તેઓએ ફરીયાદીનુ વિશેષ નિવેદન લઇ આરોપી વિરુધ્ધ ગુનો બનતો હોય નામદાર કોર્ટમાં ચાર્જસીટ કરેલ આરોપીને તેઓ જોયેથી ઓળખે છે. સાહેદની આરોપીના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી હતી, જેમાં સાહેદે સ્વીકાર્યું હતુ કે આ કામે ફરિયાદીનું વધારાનું નિવેદન લઈ આરોપીની ધરપકડ કર્યા સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. સાહેદે સ્વીકાર્યુ હતુ કે આ ગુનાના કામે આરોપીની ઓળખપરેડ કરાવેલ નથી. સાહેદે સ્વીકાર્યું હતુ કે હાલની ફરીયાદ બે અજાણ્યા ઈસમો વિરુધ્ધ નોંધાવેલ હતી.

(૯) આમ, સમગ્રપણે આ ફરિયાદીના સોગંદ ઉપરના પુરાવાનું મૂલ્યાકન કરવામાં આવે તો ફરિયાદીના ઘરમાં કોણે ચોરી કરેલી તેની તેઓને ખબર નથી, પરંતુ સૌથી મહત્વની હકીકત અહીં એ નોંધપાત્ર છે કે ચોરી કોણે કરી તે તેઓ ચોકકસ કહી શકે નહીં અને ફરીયાદીએ અજાણ્યા ઈસમો વિરુધધ્ધ કરીયાદ આપેલી હોવાનું ફરિયાદી સ્વીકારે છે. આ કામે તપાસ અધિકારીએ પણ તપાસ દરમ્યાન આરોપીઓને અટક કરતી વખતે ફરિયાદીને હાજર રાખેલા નથી. ફરિયાદીના પુરાવાથી બહાર આવેલ છે કે, તેમના ઘરે કોણે ચોરી કરેલી તેની તેમને ખબર નથી અને પાછળથી પણ તેઓને જાણવા મળેલ નહીં. આમ, સમગ્રપણે આ ફરિયાદી સાહેદના સોગંદ ઉપરના પુરાવાથી આરોપીને ગુનામાં સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો પ્રાપ્ત થતો નથી આમ, આ મહત્વના સાહેદના પુરાવાને આરોપી વિરૂદ્ધ આધારભુત પુરાવા તરીકે હાલના તબક્કે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. સમગ્રપણે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને રાખવામાં આવે તો ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર રહીને પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે તેમ આ અદાલતનું નમ્રપણે માનવું હોઈ, ન્યાયના હિતમાં આ કામે ઉપસ્થિત મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## :: હુકમ ::

1. આરોપીને, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૫૪, ૩૮૦, ૫૧૧, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

2. અપીલ સમય પુરો થયા બાદ, જો હાલના ચુકાદા વિરુદ્ધ કોઈ અપીલ થયેલી ના હોય તો. કિંમતી મુદ્દામાલ તેના મુળ માલીકને પરત સોંપવો અને બાકીના બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

3. રેકર્ડનો અભ્યાસ કરતાં જણાય છે કે, હાલના કામના આરોપીને રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ થયેલો, પરંતુ આરોપી પાસે કોઈ જામીન નહીં હોવાથી આરોપીએ તા.૩૧.૦૧.૨૦૨૫ ના રોજ જામીનગીરી પેટે રોકડ રકમ ભરવા માટે વિનંતી કરતી અરજી કરેલી, જે મંજુર થતાં આરોપીએ અત્રેની કોર્ટ સમક્ષના ક્રિમીનલ-સી રજીસ્ટર ૧૩/૨૪-૨૫, રસીદ નં.આઈ/૭૨૯૪૯૦૮, તા.૩૧.૦૧.૨૦૨૫ ના રોજ રોકડા ભરેલા છે. સબબ આ કામના આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતા-૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) ની જોગવાઈઓ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપવા ૬ (છ) માસના સમય માટેના રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના અગાઉ ભરપાઈ કરેલા રોકડ જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અપીલ સમય પુરો થતાં સુધી ચાલુ રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

4. હાલના ચુકાદા વિરૂદ્ધ અપીલ થયેલી ના હોય તો, આ કામે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુક્યા હોઈ, જામીનગીરી પેટે રોકડમાં ભરપાઈ કરેલ રકમ તેઓને પરત કરવી.

હુકમ આજ તા.૨૪મી, માહે-માર્ચ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ – ૨૪/૦૩/૨૦૨૬**
**સ્થળ – સુરત**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**
**Judge Code : GJ01606**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ), સુરત**